# મારા વીદ્યાર્થીઓ

-અજય ઓઝા

## રોલ નંબર એક..

રોજના ક્રમ પ્રમાણે મેં મારા ૭ ઈંચના ટેબ્લેટમાં વર્ગની હાજરી પુરવાનું ચાલુ કર્યું.

'યસ્સ સર....'

રોલ નંબર એક બોલ્યો કે તરત જ મેં તેના નામની સામેના ખાનામાં તેની હાજરી નોંધી. મારા ક્લાસરુમની ઍપમાં તેના નામ સામે બધી જ વીગતો દેખાય અને ફુટડો ને નીખાલસ ચહેરાવાળો તેનો ફોટો પણ. મેં તેના પર ટચ કર્યું ને ફોટો ઝુમ થયો.

બાળકોના ચહેરા કેટલા નીર્દોષ હોય છે...નહીં ! આજકાલ આટલા નીર્દોષ ચહેરા બહુ ઓછા જોવા મળતા હોય છે, એટલે એમ થાય કે જોયા જ કરીએ.

આટલાં વર્ષોના અનુભવે બાળકોની ખુશીનું કારણ મેં શોધી કાઢ્યું હતું. યુવાનો ભવીષ્યની ચીન્તામાં હોય છે એટલે ખુશ નથી હોતા. વૃદ્ધો ભુતકાળ વાગોળતા હોય છે એટલે ખુશ નથી હોતા; પણ બાળકો હંમેશાં વર્તમાનમાં જ ઓતપ્રોત થઈ જીવતાં હોય છે. માટે જ તેઓ આટલાં ખુશ હોય છે ! આ રોજેરોજ મારી નજરે જોવાતું સત્ય છે !

હું રોલ નંબર એકનું પ્રોફાઈલ ખોલી બેઠો. વીવીધ સ્કીલ્સની કસોટીએ મેં એને ચડાવ્યો છે ને એની ક્ષમતા પ્રમાણે ગ્રેડ પણ આપ્યા છે. થોડો આડો–અવળો, ઉપર–નીચે ફંટાતો, તેની જેમ જ નાચી રહેલો તેનો વીકાસ ગ્રાફ નોર્મલ છે. જે હવે આ વર્ષે પાંચમા ધોરણમાં જરા જરા ઉપરની તરફ જતો જણાય છે. પ્રોગ્રેસ સાધારણ દેખાય છે. એની શીખવાની ગતી સામાન્ય રહી છે. પહેલા ધોરણમાં દાખલ થયો ત્યારે તેનો ચહેરો આજના કરતાં પણ વધુ માસુમ હતો. આજે પાંચમા ધોરણમાં પણ એનામાં બહુ મોટો ફેરફાર થયો નથી.

ટચસ્ક્રીનના ફાયદા ગણો તો ફાયદા અને સમયની બરબાદી ગણો તો એમ; પણ જુઓ મેં બનાવેલા તેના કેટલાક વીડીયો પણ પછી તો હું ખોલી બેઠો. આ વીડીયો તેની વીલક્ષણતાઓને કેદ કરવા અને તેના અભ્યાસના ભાગરુપે મેં બનાવ્યા છે. મારી ઍપની મદદથી કેટલાંક સાચાં દૃશ્યો સાથે મેં એની તાસીરને મારી કલ્પનાના એનીમેશનમાં પણ ઢાળવા કોશીશ કરી છે. મારી આંખ સામે પાંચ વરસની નાની નાની પગલીઓ પડતી આવે છે, જેના પર રોલ નંબર એક લખેલું છે.

એ પગલીઓ પર ક્યાંક સહેજ અમસ્તો દફતરનો ભાર આવે ને આડીઅવળી પડવા માંડે. તેમ છતાં જાતને અને ચાલને એવી રીતે એ સંભાળે કે જાણે કોઈ જ ભાર નથી! પાટી પર એકડો માંડતાં તો એના ચહેરા પર અનેક ખુશીઓ દોડી જાય. એકડા, શબ્દો, જોડકણાં, વાર્તા અને ગમ્મતોમાં ગોઠવાઈ જતા એને વાર લાગી જ નથી.

એકવાર પેંડો લઈને પરાણે મારા મોંમાં મુકતાં કહે, ‘જલમદીન છે મારો. માએ તમારા હારુ જ મોકલ્યો ’તો. તમે મોડા આયા, તે જરાક મેં ચાખી લીધો...હી...હી...!’

એની લાગણી ચોખ્ખી હતી. આખા ક્લાસરુમમાં ‘હેપી બર્થ ડે’ ગવાયું ત્યારે એના ચહેરા પરની અપાર ખુશીઓ હું જોતો જ રહી ગયેલો.

‘જરાય તોફાન કરે તો તમતમારે આને મારજો. લેશન નો કરે તોયે ઠપકારજો. મારી ફરીયાદ નહી આવે.’ એની મમ્મીએ પહેલા જ દીવસે મને ભલામણ કરતા કહેલું. ‘ઘરમાં મારા સાસુએ જરા લાડકો વધારે કર્યો છે. તે જરા બગડી ગયો છે. હવે તમારે સુધારવાનો, બીજું શું !’

પણ એ માસુમને ક્યારેય ઠપકારવાની જરુર જ નહોતી પડી. પોતાની ક્ષમતા અનુસાર તો એણે મને પરીણામ લાવી બતાવ્યું એટલે મને એના માટે કશી ફરીયાદ નહોતી. આમ પણ, આટલાં વરસના અનુભવે મને એટલું શીખવ્યું છે કે, ક્યારેય કોઈ કોઈને કશુંયે શીખવી શકતું નથી હોતું; માત્ર દીશા બતાવી શકે છે. એ દીશામા જઈ શીખવાનું તો માણસે જાતે જ હોય છે. એટલે મારું કામ માત્ર અંગુલીનીર્દેશ પુરતું જ હોય છે, જે હું સન્તોષપુર્વક કરું છું.

♦●♦

## રોલ નંબર સાત..

'યસ સર્ર..' નરેશ બોલ્યો. રોજ કરતાં પણ બમણા ઉત્સાહથી અને વળી ઉભો થઈને એ બોલ્યો, 'યસ સરરર..' મારું ધ્યાન ખેંચવા માટેની એની હરકત બહુ સ્પષ્ટ જણાઈ આવી.

'કેમ નરેશ.. આજે તો કંઈ બહુ ઉત્સાહમાં? શી વાત છે?' મેં પુછ્યું. એટલે એ ફરી ઉભો થયો. મેં ધ્યાનથી જોયું તો તેણે આજે પહેલી જ વાર યુનીફોર્મ પહેર્યો હતો, નવો યુનીફોર્મ.

'અરે વાહ, યુનીફોર્મ આવી ગયો? બહુ સરસ, ભાઈ.' મેં શાબાશી આપી. પણ એ બેઠો નહીં, મારી પાસે આવ્યો.

'સાયબ, ડ્રેસમાં મારો ફોટો..?'

'અરે હા, ચાલ નવા યુનીફોર્મમાં તારો ફોટો તો લેવાનો જ હોય ને!'

મેં એનો ફોટો પાડ્યો અને ટેબ્લેટના રજીસ્ટરમાં, એના પ્રોફાઈલમાં સેટ કર્યો. ત્યારે તેનો જુનો ફોટો અને જુની યાદોનાં એનીમેશન આપોઆપ આંખ સામે 'પ્લે' થવા લાગ્યાં.

મારા વર્ગમાં નરેશ એક માત્ર એવો વીદ્યાર્થી હતો, જેણે ક્યારેય યુનીફોર્મ પહેર્યો જ નહોતો. વરસે દહાડે બે જોડી યુનીફોર્મ માટે શીષ્યવૃત્તીના પૈસા દરેકને આપવામાં આવતા. એટલે ગરીબ મા-બાપ પણ પોતાના બાળકને યુનીફોર્મ અપાવી શકે. નરેશને પણ એ પૈસા મળતા.

હું દર વરસે નરેશના પપ્પાને બોલાવીને રુબરુ જ પૈસા આપતો અને ખાસ સુચના આપતો કે આ વરસે આ પૈસામાંથી યુનીફોર્મ લેવાનો ભુલશો નહીં. તેના પપ્પા સમ્મતીમાં માથું હલાવી, પૈસા લઈ જાય; પણ યુનીફોર્મ અપાવે નહીં. નરેશને પુછીએ તો એ કહે કે મને ખબર નથી, મારા પપ્પા ડ્રેસ અપાવે તો પહેરું ને! એના પપ્પાને પુછું તો એ પણ વાત ઉડાવી દે :

'શું સાયેબ, તમે પણ..? ડ્રેસ ન પેરે તો છોકરો ભણશે જ નહીં ? નો ભણે તોયે હું ? અમારે તો મજુરી જ કરવાની હોય ને !'

એકવાર તેનાં મમ્મી આવ્યાં. ત્યારે એણે ચોખવટ કરી, 'શું કહું, સાયબ? આનો બાપ કમાતો–ધમાતો કાંય નથી, ને રાત પડે પીવા જોવે. દારુની લતે ચડી ગ્યો છે. તમે જે પૈસા આલો

છો, એ બધાયે એમાં જ ઉડાડી દેય છે. કંઈ કૈયે તો મનેય ધોલધપાટ કરે. આ નરીયાનેય મારે. શું કરવું?'

પરીસ્થીતી સમજવામાં મને વાર ન લાગી. મેં એમને કહ્યું, 'જો પૈસા તમને જ મળે એવું કરીએ તો? તમે નરેશને ડ્રેસ અપાવી શકશો ને?'

'હા, હા સાહેબ. એવું કરી દ્યો તો બધું હું માથે લઈ લઉં.' નરેશના મમ્મી ખુશ થતા બોલ્યાં. મેં કહ્યું, 'જુઓ, આ વરસથી શીષ્યવૃત્તીના પૈસા રોકડા મળવાના નથી. તમે બૅન્કમાં નરેશનું ખાતું ખોલાવો. અને એની સાથે તમારું નામ પણ ખાતામાં રાખવાનું. પૈસા માત્ર તમારી સહીથી જ મળી શકશે.'

મેં એમને બૅન્કમાં ખાતું ખોલવા માટેની જરુરી વીધી માટે મદદ કરી ખાતું ખોલાવી આપ્યું. આ વરસના પૈસા તેના ખાતામાં જમા થયા એટલે એમને નરેશ સાથે સમાચાર મોકલાવી દીધા હતા.

પછી તો હું પણ ભુલી ગયો હતો; પણ આજે નરેશે નવો યુનીફૉર્મ બતાવ્યો એટલે બધું તાજું થયું. ફોટો પડાવ્યા પછી પાછો કહે, 'સાયબ, થોડા રુપીયા વધ્યા છે, એ પાછા આલવાના છે કે મારે જ રાખવાના ?'

એની નીખાલસતા અને પ્રામાણીકતા દીલને સ્પર્શી જાય એવી. મેં કહ્યું, 'ભાઈ, એ વધેલા પૈસાની તારે નોટબુક લેવાની અને તારે જ વાપરવાના છે. પાછું કંઈ આપવાનું નથી.' એ ખુશ થઈ ગયો ને પોતાની જગ્યાએ ધીમી ચાલે પહોંચ્યો.

યુનીફૉર્મમાં એને જે ગર્વનો અહેસાસ થઈ રહ્યો હતો તે એના ચહેરા પર સાફ દેખાઈ રહ્યો હતો. નરેશનો ઉત્સાહ બેવડાયેલો જોઈ મેં એના પ્રોફાઈલમાં એક વાત નોંધી કે 'પરીસ્થીતી સમજીને, વાલીને સહયોગ આપીએ તો એટલા જ ઉત્સાહથી વાલી પણ સપોર્ટ કરતા જ હોય છે.' ઘરમાં કોઈ એક વ્યક્તી તો એવી સમજદાર મળી જ આવે, જે આપણી વાત સમજે. અને બાળકનું શું? બાળકને તો આખરે ભણવું જ હોય છે ને!

♦●♦

અજયભાઈની આ લેખન–શ્રેણી હાલ ભાઈ શ્રી જીજ્ઞેશ અધ્યારુની પ્રસીદ્ધ વેબસાઈટ http://www.aksharnaad.com/ 'અક્ષરનાદ'માં પ્રકાશીત થઈ રહી છે.

પ્રકાશક ભાઈ જીજ્ઞેશ અધ્યારુ, આ શ્રેણીના પરીચયમાં લખે છે કે :

*'એક વર્ગશીક્ષક તેના વર્ગના વીદ્યાર્થીઓને કેટલો ઓળખતો હોય ? બધા વીદ્યાર્થીઓની અંગત વીશેષતાઓ, તેમના ગમા–અણગમા, તેમનાં પરીવારનાં સંજોગો અને પરીસ્થીતી, તેમની ક્ષમતાઓ અને ખામીઓ, રોલ નંબર મુજબ જો એક શીક્ષકને કહ્યું હોય કે તમારા વીદ્યાર્થીઓનો પરીચય આપો તો એ કઈ રીતે આપે?*

*'આજના જમાનામાં જ્યારે વીદ્યાનું સમ્પુર્ણપણે વ્યાપારીકણ થઈ રહ્યું છે ત્યારે અજયભાઈ તેમની આ 'રોલ નંબર..'શ્રેણી દ્વારા એક નવો જ ચીલો ચાતરે છે. મને યાદ છે કે અમે નાના હતા ત્યારે અમારા શીક્ષક અમને આ જ રીતે કે આથીયે બધુ અંગત રીતે ઓળખતા. અમારા હાવભાવ કે ચહેરો અદ્દલ રીતે વાંચી શકતા. આજના વીદ્યાર્થીઓના નસીબમાં કદાચ શીક્ષકો દ્વારા મળતી તે અંગત કાળજી નથી; પણ બધે એવું નથી. હજીયે ઘણી શાળાઓ અને શીક્ષકો એવાં છે જે વીદ્યાર્થીઓના સર્વાંગી વીકાસ માટે તેમને પુરેપુરા પીછાણે છે, તેમની પ્રગતીમાં લાગણીશીલ રસ ધરાવે છે. આવા જ શીક્ષકોને 'અક્ષરનાદ' પર અજયભાઈની આ શ્રેણી અર્પણ..*

*–જીજ્ઞેશ અધ્યારુ*

નીચેની લીંક પરથી શીક્ષક–લેખક ભાઈ અજયની શ્રેણી વાંચી શકાશે :

http://www.aksharnaad.com/2018/04/01/roll-no-ajay-oza/

http://www.aksharnaad.com/2018/05/06/roll-no-7-and-8/

http://www.aksharnaad.com/2018/05/13/roll-no-9-and-10/

રોલ નંબર દસ તા.13/05/2018ના દીવસે પ્રકાશીત થયો.

તે વાંચવા હું તમને ખાસ ભલામણ કરું.

*@@@*

સર્જકસમ્પર્ક :

AJAY OZA,

58-Mira Park, 'Astha', Akhilesh Circle, Ghogha Road, Bhavnagar-364001

Mobile : 9825252811 eMail : oza_103@hotmail.com ; ajayoza103@gmail.com

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: ચૌદમું – અંક: 407 –August 19 2018

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,54,52,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,07.21,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,22,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 10,74,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@